સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

આમેય વાંચે છે કોણ ? રિઝલ્ટમાં લે છે ગરબા,
વાલી-શિક્ષણ-સંચાલકો તો રોજ, લે છે ગરબા,
બોલે ગરબાની રમઝટ, બોગસ પરિપત્રોમાં -
'યુવા-મત' ના મેદાને 'હિંદુત્વ' હવે લે છે ગરબા!
(નવરાત્રિ વિવાદ)

હાઈકુ

રાખવો પડે!
ગરબા તાલીમનો -
એકા'દ તાસ!!
(કરો પરિપત્ર!)

ધંધા લાભાર્થે -
શિક્ષણ સુધારણા
લે છે ગરબા!
(શિક્ષણમાં અંધારી - નવરાત્રી)

ચિંતન

અનેન સર્વગતત્વમાંયા શબ્દદિભ્ય : ।

ઉપરોક્ત શ્લોક ડિવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

'જગત આખુ પરમાત્માથી પરિપૂર્ણ છે.' એવા શ્રૃતિ વચનોથી તથા 'સર્વગત' જેવા શબ્દોના પ્રયોગથી પરમાત્મા સર્વવ્યાપક છે એવું સાબિત થાય છે.

શ્રૃતિમાં પરમાત્માને સરવમાં વ્યાપક કહ્યા છે એને સૂચિતાર્થ એ જ છે કે એ જેમાં વ્યાપક છે તેવું જગત અને એ જગતના રૂપમાં પથરાયેલા એમની પ્રકૃતિ પણ છે જ. પ્રકૃતિ એમની શક્તિ હોવાથી એમનાથી ઉપલક રીતે જોતાં ભિન્ન છે. અને બાહ્ય દૃષ્ટિ એ જોતાં ભિન્ન નથી પણ પ્રકૃતિ એમની અભિન્ન શક્તિ હોવાથી એમનામાં ને પ્રકતિમાં ભેદ નથી, પરંતુ એ પ્રકૃતિના સ્વામી, સૂત્રધાર અને અધિષ્ઠાતા હોવાથી એમનામાં અને એમની પ્રકૃતિમાં એટલા પૂરતો ભેદ છે.

સુવિચાર

- રસ્સી જૈસી જિંદગી, તને-તને હાલત... એક સિરે પે ખ્વાહિશેં... દુજે પે ઔકાત... - **લાલા તેજબંધુ**
- જે માણસાઈથઈ મઢેલી હોય છે, તે ઝૂંપડી પણ હવેલી હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- દરેક પગથિયે ઈચ્છાની બલિ ચડે છે... ત્યારે જ સફળતાની સીડી ચડે છે - **દિનાનાથ વાળા**
- કામ કરવા વાળાની કદર કરો... કાન ભરવા વાળાની નહીં - **નવનીત**
- કમાવી હોય તો 'લાયકાત' કમાઓ સાહેબ, લાયકાત વગર કદાચ 'ઔડી' લઈને ફરશો તો પણ દુનિયા 'ડ્રાઈવર' જ સમજશે - **જય વસાવડા**
- સપનાઓ તૂટવા પર જરૂરી છે જિંદગીમાં, ખબર તો પડે આપણામાં કેટલી ત્રેવડ છે પાછું ઉઠવાની - **કાંતિ ભટ્ટ**
- આજનું ઔષધ : દહીંમાં મરી પાઉડર અને ઓર્ગેનીક ગોળ મેળવીને ત્રીસ દિવસ સુધી સવાર-સાંજ ખાવાથી જૂની શરદી મટે છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ગામમાં એક માત્ર મોચી હતો. મોચી કામમાં માહેર હતો, ગામવાસીઓના પગરખાં બનાવવામાં તથા રીપેર કરવામાં એટલો વ્યસ્ત રહેતો કે એને પોતાના પગરખાં સરખા કરવાનો સમય નહોતો મળતો. શરુઆતમાં પોતાને કોઈ મુશ્કેલી નડી નહીં પણ સમયસર પોતાના પગરખા ન સાંધી શકવાથી પગરખા સાવ જીર્ણ થઈ ગયા. ગામવાસીઓને કોઈને ફરિયાદ ન આવવા દે. પરંતુ પોતાના પગરખાંની હાલત દિવસે-દિવસે બૂરી થતી જતી હતી. એને ચાલવામાં પણ તકલીફ થવા લાગી હતી. એક ગ્રાહકો તેને કહ્યું પણ ખરું કે તમારા પગમાં ફોલ્લા છે, તમે તમારા જૂતા સરખા રાખો તો તમારા પગનું રક્ષણ થાય.' મોચી જવાબમાં કહે, 'ચિંતા ન કરો, બધુ બરાબર છે' થોડા સમય બાદ મોચીના પગ સડી ગયા અને હવે એ કોઈ કાણ પણ કરી શકે તેમ ન હતો. ગામમાં બીજો કોઈ મોચી ન હતો આથી સમય જતા ગામવાસીઓને પણ પગમાં ફોલ્લા પડવા લાગ્યા, પીડાથી તેઓ પણ હેરાન પરેશાન થવા લાગ્યા. આ બધાનું કારણ શું ? તો મોચીએ પોતાના પગરખા રીપેર કરવા માટે કદી સમય કાઢ્યો નહીં. રોજિંદા જીવનમાં દૃષ્ટિએ સારાંશ જોઈએ તો તમે કોઈ જવાબદારી ભર્યા હોદ્દા પર હોવ અને આખા જૂથના અસ્તિત્વની સાંકળની એક મહત્ત્વની કડી હો ને તમે તમારી જાતની સંભાળ ન લો તો આગળ જતા મોટી આફતને આમંત્રણ આપી બેસો છો. તમારા દરેક નેક ઈરાદા વ્યર્થ જશે અને તમે જે કરવા માંગતા હો એ કરી શકશો આથી નહીં યાદ રાખો : 'તમે ખુદ મહત્ત્વના છો.'

રાષ્ટ્રીય શરમની શકવર્તી ઘટના

તંત્રીસ્થાનેથી...

બિહાર કોઈને કોઈ નિમિત્તે અખબારોમાં સુરખીઓ વિખેરતું રહે છે. ક્યારેક એ ભારતીય સંસ્કૃતિનું આધારબિંદુ હતું. અહીં ચંદ્રગુપ્ત અને ચાણક્ય પાક્યા છે. ભગવાન બુદ્ધ અને મહાવીરનાં પાવન પગલાં પડ્યાં છે. પ્રિયદર્શી અશોકના સુશાસનની ભૂમિ રહી છે આ મગધ ભોમકા. અહીં કવિ જયદેવથી લઈ રામધારીસિંહ દિનકર સુધીની ભવ્ય સાહિત્યિક પરંપરા પડેલી છે. પહેલા રાષ્ટ્રપતિ આપણને બિહારે જ આપ્યાં છે - ડૉ. રાજેન્દ્ર બાબુ અને ક્રાંતિકારી સમાજવાદી નેતા જયપ્રકાશ નારાયણ પણ બિહારનું સંતાન છે. પરંતુ એ જ બિહાર કાળક્રમે લાલુ અને નીતિશકુમાર અને રામવિલાસ પાસવાનનું પ્લે ગ્રાઉન્ડ પણ બની ગયું છે. અહીં ચારા કૌભાંડો થયાં, રાજકીય ગઠબંધનો રચાયાં અને તૂટ્યાં. અહીં ભાગલપુર કાંડ થયો તો વળી હમણાં ચર્ચામાં મુઝફ્ફરપુર કાંડ છે એ એની લેટેસ્ટ 'પ્રગતિ' છે. મુઝફ્ફરપુરના નારી સંરક્ષણ ગૃહમાં એક બે નહિં, ચોત્રીસ ચોત્રીસ 'નિર્ભયાકાંડ' ભજવાતા હોવાનું બહાર આવ્યું છે. દિલ્હીના એક નિર્ભયાકાંડથી આખું હિંદુસ્તાન હમચમી ઊઠેલું. બિહારના મુઝફ્ફરપુરના સરકારી શેલ્ટર હોમમાં રીતસરનું કૂટણખાનું ચાલતું રહ્યું, કાચી કુમળી સાત વર્ષથી ચૌદ વર્ષની બાલિકાઓ પર અમાનુષી હવસકાંડ ખેલાતો રહ્યો છતાં કહેવાતા નીતિવાન સુશાસક, ક્યારેક ભારતના વડાપ્રધાન પદનાં સપનાં જોનારા અને પછી ધીમે રહીને જેમની સામે તલવાર તાણેલી તે જ નરેન્દ્ર મોદીના ખોળામાં બેસી જઈ મુખ્યમંત્રી પદ સાચવી લેનારા નીતિશકુમારનું રૂવાડું પણ ફરક્યું નથી. આ સેક્સ કાંડમાં મંત્રીઓથી લઈ અધિકારીઓ સહિતના નામચીન માણસા સામેલ છે. દિલ્હી મહિલા આયોગનાં અધ્યક્ષા સ્વાતિ માલીવાલે નીતિશકુમારને બહુ જ પેચીદો સવાલ કર્યો છે. એ પૂછે છે : સર, આ ભોગ બનનારી દીકરીઓ પૈકી કોઈ તમારી દીકરી હોત તો ? તો પણ શું તમે આમ જ મૌન ધારણ કરીને બેસી રહ્યા હોત ? એ શરમજનક ઘટનાનો તપાસ રિપોર્ટ રજૂ થયાને ત્રણ ત્રણ મહિના વીતી ચૂક્યા છે. સ્વાતિ માલીવાલ લખે છે : તમે તમારા આ એક કર્મના કારણે દેશની કરોડો મહિલાઓ અને બાળકીઓમાં તમારી ઈજ્જત ગુમાવી દીધી છે. મુઝફ્ફર શેલ્ટર હોમની આ કહાની દુનિયાની સૌથી ક્રૂર અને ભયાનક કહાણીઓ પૈકીની એક બની ગઈ છે. અહીંમાં ૩૪ યુવતીઓ સાથે વારંવાર બળાત્કાર ગુજારાયો અને કેટલીક તો મારી નાખીને ત્યાં જ દફનાવી દેવાઈ. એનજીઓ ચલાવતા હેવાન બ્રજેશ ઠાકુર અધિકારીઓ અને મંત્રીઓ સાથે આ નિર્દોષ, દુખિયારી છોકરીઓ પર બળાત્કાર કરતો રહ્યો તપાસ રિપોર્ટ આવી ગયો છે. મુઝફ્ફરપુર કાંડનો અહેવાલ રૂવાડાં ઊભાં કરી દે એવો છે. પુરુષજાત પ્રત્યે નફરત જાગે એવી ઘટનાઓ આ કહેવાતી સંસ્કારી પ્રજામાં છાશવારે બનતી રહે છે. સેક્સ એ હવા, પાણી અને ખોરાક જેવી જ એક શરીર ભૂખ છે. પરંતુ એને સંતોષવા માટે આવી લાચારી બાળાઓનો ભોગ લેવાય એ તો ક્રૂરતાની અને પશુતાની પરાકાષ્ઠા જ કહેવાય. આવી હેવાનિયત વિરુદ્ધ પ્રજામત ગમે તેટલો પ્રબળ હોવા છતાં એવી ઘટનાઓ ઘટતી જ રહે છે તે શું માવજાતની વિડંબના નથી ? સ્વાતી માલીવાલે નીતિશ કુમારને પૂછેલ સવાલોમાં કદાચ કોઈને રાજકારણની ગંધ પણ આવી શકે. પરંતુ કહેવાતા સુશાસક નીતિશકુમારના પગ નીચે રેલો આવ્યા છતાં એ સ્થિતપ્રજ્ઞ થઈ ચૂપ બેઠા છે, એમના તારણહાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી મૌન ધારણ કરી રહ્યા છે, તે જ શું આ દેશની કઠોર વાસ્તવિકતાનો પુરાવો નથી ?

સરકારી કર્મચારીને એક જ આક્ષેપ માટે બે યાદી આપી શિક્ષા કરી શકાય નહિ

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

કોઈપણ કર્મચારીને ક્રિમીનલ કોર્ટે નિર્દોષ છોડયો હોય તો શિસ્ત અધિકારીઓએ તે હક્કિતને લક્ષમાં લઈને તે શિક્ષા બાબત યોગ્ય નિર્ણય કરવો જોઈએ.

કોઈપણ કર્મચારીને નિચલી કોર્ટે સજા કરી હોય અને ઉપરલી કોર્ટે છોડી મુકયો હોય અથવા હુકમ સ્ટે કરેલ હોય તો આવા કર્મચારીને બરતરફીની શિક્ષા થઈ શકે નહિ. એક કર્મચારીને વડોદરાની કોર્ટે બે વર્ષની સાદી કેદની સજા ફટકારેલ તેની સામે કર્મચારીએ હાઈકોર્ટમાં સ્પે. સી.એ. કરતા નામદાર કોર્ટે કન્વીકશન સ્ટે કરી પીટીશનરને જામીન ઉપર છોડયા હતા પીટીશનને ચાર્જશીટ ઈસ્યુ કરી જેલમાં ૪૮ કલાક રહેલા છે તે લક્ષમાં લઈ કર્મચારીને ડીડીઓએ નોકરીમાંથી ડીસમીસ કરેલ તે આદેશ સામે ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલમાં અપીલ ગુજારતા અપીલ ડીસમીસ કરેલ તે સામે નામદાર ગુજરાત હાઈકોર્ટે ચુકાદો આપતા જણાવેલ કે કન્વીકશન સસ્પેન્ડ કરેલ હોય તો કન્વીકશનની અસર ચાલુ રહેતી નથી તેમ ઠરાવેલ હતું.

ફોજદારી ગુન્હા માટે કેસ કરી ખાતાકિય તપાસ પૂર્ણ કરી આક્ષેપ સાબીત કરતી કારણ દર્શક નોટીસ આપી નોકરીમાંથી બરતરફ કરતા એક કર્મચારીએ હાઈકોર્ટમાં પીટીશન કરી જણાવેલ કે નીચલી કોર્ટના કન્વીકશનમાં ક્રિમીનલ કોર્ટે નિર્દોષ છોડયા હતા આમ છતા પણ બરતરફ કરતા નામદાર ગુજરાત હાઈકોર્ટે બતરફીનો હુકમ રદબાતલ ઠરાવેલ.

એકજ આક્ષેપ માટે બે યાદી આપી બે જુદા જુદા તપાસ અધિકારીની નિમણુંક કરી છેલ્લે બન્ને તપાસ અહેવાલોના તારણો ભેગા કરી કર્મચારીઓને શિક્ષા કરી શકાય નહિ. કેસની વિગત મુજબ જુનીય એન્જીનીયરને બે સરખા આક્ષેપોની યાદી આપી બન્ને યાદીઓ માટે જુદા જુદા કેસ ચલાવી અધિકારીઓની નિમણુંક કરી તેમના અહેવાલો, તારણો ભેગા કરી ત્રણ સ્ટેજ ત્રણ વર્ષ માટે નીચા ઉતારવાની શિક્ષા કરતા તે સામે દિલ્હી કેન્ટની પ્રિન્સીપાલ બેન્ચને અપીલ કરતા એક જ આક્ષેપોની બે યાદી આપી બન્નેની અલગ તપાસ કરી શકાય નહિ તેવો ચુકાદો આપેલ અને કર્મચારીની સજા મોકુફ રાખેલ.

કોઈપણ કર્મચારીને શંકાનો લાભ આપી ફોજદારી કોર્ટમાં નિર્દોષ છોડયો હોય તો તે નિર્દોષ છુટેલ જ છે તે સંપૂર્ણ નિર્દોષ ગણાય આથી સસ્પેન્શન સમય ફરજ તરીકે ગણવો જોઈએ.

પીટીશનને ક્રિમીનલ કેસ કરતી વખતે સસ્પેન્ડ કરવામાં આવેલા હતા ફોજદારી કોર્ટની ફરીયાદમાં ક્રિમીનલ કોર્ટે શંકનો લાભ આપી નિર્દોષ છોડયા આથી જીલ્લા ખેતીવાડી અધિકારીને હુકમ રીવ્યુમાં લઈ રદ કરી શંકાનો લાભ આપેલ હોય નિર્દોષ ગણી શકાય નહિ તેમ જણાવી વી.સી.એલ. આર. ૧૬૫ મુજબ ફરજ તરીકે અધિક વિકાસ કમિશ્નરને કર્મચારીએ અપીલ ગુજારતા અપીલ નામંજુર કરેલ તે સામે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પે.સી.એ. કરતા નામદાર કોર્ટે શંકાનો લાભ પર નિર્દોષ છોડયા હોય સજા થઈ શકે નહિ.

કોઈપણ કર્મચારીની અનધિકૃત ગેરહાજરી, ગેરશીસ્ત માટે કર્મચારીના આ માટે રજુ કરેલા સંજોગો લક્ષમાં લીધા બાદ જ શિક્ષા કરવી જોઈએ તેમ અબ્દુલ અલીભાઈ વિરૂધ્ધ પોસ્ટ માસ્ટર જનરલના કેસમાં સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે. વિવાદીની ફરજ ઉપરની અનધિકૃત ગેરહાજર રહેવા બદલ જુદી જુદી તારીખો આપી નોકરીમાંથી દુર કરેલા હતા જે સામે વિવાદીએ ઓ.એ. ગુજરાત કેટ સમક્ષ શ્રી બી.સી. ચર્તુવેદી વિરૂધ્ધ ભારત સરકાર એ.આઈ.એ. ૧૯૯૬ સુપ્રિમ કોર્ટના પાના નં. ૪૮૩ ના ચુકાદા ઉપર આધાર રાખી આ કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ કે આમા બંધારણીય નિયમોનો ભંગ થાય છે ખાસ એવા એકસ્ટ્રા ઓન્ડીન્સ સંજોગો છે જે લક્ષમાં લઈ વિવાદી માનસીક અસ્વસ્થ હતા અને માનસીક હોસ્પિટલનું મેડિકલ સર્ટીફિકેટ ગેરહાજર બદલ રજુ કરેલ હતું. વિવાદીને મેડિકલ બોર્ડ પાસે પણ મોકલવામાં આવ્યા હતા આથી સંજોગો સ્વીકારી નોકરીમાંથી દુર કરવાના બદલે કર્મચારીને પાછલા પગાર સાથે ફરજ ઉપર પુનઃ સ્થાપિત કરવા અને કોઈ નાની શિક્ષા ખાતાકિય રીતે કરવા માટે ચુકાદો આપેલ.

કોઈપણ કર્મચારી શિસ્ત અને વિવાદના નિયમ મુજબ કાર્યવાહી ન કરી શિસ્ત અધિકારીઓએ મોટી શિક્ષા કરેલ હોય તો જે પ્રથમ અપીલ ઓથોરીટીએ રદ કરી નાની શિક્ષા કરી હોય તો તે કાયદેસર નથી કારણ કે પ્રથમ કરેલ શિક્ષા નિયમ પ્રમાણે ન હોઈ બન્ને આદેશો રદ બાતલ ઠરાવી નામદાર કોર્ટે અનિલકુમાર ગૌતમ વિરૂધ્ધ કેબીનેટ સેક્રેટરીના કેસમાં ઠરાવેલ છે.

અગાઉ સરકારી કર્મચારી ૧૦/૩/૨૦૦૦ ના ઠરાવોની જોગવાઈ મુજબ કર્મચારીના અવસાન બાદ વારસદારો જે તે તારીખે પુખ્તવયના થાય ત્યારબાદ બે વર્ષ સુધીમાં રહેમરાહે નોકરી માટે અરજી કરી શકશે જેમાં સમય મર્યાદાનો બાદ્ય નડતો નથી શ્રી સબ્બીર કુરેશી વિરૂધ્ધ

અનુસંધાન પાના નં ૭ પર

ઈશ્વરની અસીમ કૃપા આપણને ન અનુભવાય તો દોષ આપણો પોતાનો છે

WhatsApp ઓફ ધી વીક
નેહલ ગઢવી

'નાના બાળકનો ભાર ખોળામાં લાગે છે, મોટાનો કાળજામાં.'

આપણી પાસે જે છે તેનું મહત્ત્વ હંમેશાં આપણે ઓછું આંકીએ છીએ. તેનું મૂલ્ય એ ખોવાઈ જવાનો ભય જણાય ત્યારે સમજાતું હોય છે. બાળક ખોળામાં સૂતું હોય તે ભાર કે યુવાવસ્થા દરમિયાન તેના ઉછેરને લઈને ઉદ્‌ભવતા પ્રશ્નોનો ભાર હોય આપણે આપણને મળેલા આ સદ્‌ભાગ્યને પણ ભાગ્યે જ પિછાણી શકતા હોઈએ છીએ. કોઈ માણસ સવારે ઉઠે અને તેની આંખોની દૃષ્ટિ અચાનક જ છીનવાઈ જાય તો તેની શું હાલત થાય ? ત્યારે તેને તેની આ ઈન્દ્રિયની કિંમત સમજાય. આપણી પાસે કેટલું છે, હૃદય નાનું પડે તેટલો અખૂટ આનંદ છે. 'જળમાં, સ્થળમાં, નભમાં, પવનમાં બધે જ જીવનની ફૂલપગલીઓ દેખાય છે.' એમ સુરેશ દલાલ લખે છે. પણ ઈશ્વરની આ અસીમ કૃપા આપણને ન દેખાય કે અનુભવાય તો તેમાં દોષ આપણો પોતાનો છે. વિનોદિની નીલકંઠ ખૂબ સુંદર રીતે આ બાબત સમજાવતા લખે છે :

જયારે મેં જમના નદીને કિનારે બાલચંદ્રનાં ઝાંખા તેજમાં, મૂર્તિમાન સૌંદર્યસમા તાજમહાલને જોયો, ત્યારે મારા હૃદયમાં એવા અકથ્ય ભાવો ઊભરાયા હતા કે મને લાગેલું કે આથી વધારે લાગણી કદી ઉદ્‌ભવી જ ન શકે!

પરંતુ જયારે હિમાલયનાં બરફથી છવાઈ ગયેલાં શિખરોની હારમાળાની વચમાંની ખીણોમાં ફેરાયેલાં કાશ્મીરનાં ફૂલખેતરો તથા ફૂલવનો મેં જોયાં, ત્યારે મારા મનમાં એવા તો અવર્ણનીય ભાવો ઉત્પન્ન થઈ આવ્યા, કે મને લાગ્યું કે લાગણીના ઊભરાની આ આખરી સીમા જ હશે.

પણ જયારે મેં નાયગરાના ધોધનું ભવ્ય અને ગંભીર સૌંદર્ય અખૂટ પાણી સાથે વહેતું જોયું, જયારે મેં જાપાનમાં પરોઢનાં સ્વપ્ન જેવા ધુમ્મસથી અર્ધઢાંકયા અને સુંદરતાની અવધિસમા ફુજિયામા પર્વતનાં દર્શન કર્યા; ત્યારે મને સમજાયું કે સૌંદર્યનાં દર્શનથી જે લાગણીઓ હૃદયમાં ઊભરાઈ આવે છે, તેનું માપ કાઢવું મિથ્યા છે.

છતાં તે લાગણીની પરાકાષ્ઠા પામવાની મને હોંશ રહી જ જતી. જયારે નિઃસ્વાર્થ સ્વર્ગીય પ્રેમની મૂર્તિમાં મને સાક્ષાત્ દર્શન થયાં, ત્યારે મેં સાચે જ માન્યું હતું કે પરાકાષ્ઠા હું શોધતી હતી, તે મને મળી રહી છે.

પરંતુ, નાનકડા હાથપગ હવામાં ઉછાળતા, સોનેરી વાંકડિયા વાળવાળા, અને મોગરાના ફૂલના ઢગલા જેવા સુકોમળ મારા બાળકને જયારે મેં મારા ખોળામાં લીધો, ત્યારે જ મને સમજણ પડી ગઈ કે હૃદયની લાગણીની પરાકાષ્ઠા અનુભવવા જગતમાં દેશપરદેશ રખડવું વૃથા છે. નિઃસીમ આનંદની આ અણમૂલ પરાકાષ્ઠાનો અનુભવ કુદરતે કેટલો સુલભ બનાવ્યો છે !

નાનકડી લીલાને તેની માએ એક પરીની વાત કહી. જિંદગીમાં પહેલી જ વાર લીલાએ પરીનું નામ સાંભળ્યું. પછી તો આખી રાથ લીલાને પરીની જ વિચાર આવ્યા કરે ! સવાર પડતાં પહેલાં તો તેણે નિશ્ચય કર્યો કે, 'ગમે તેમ કરીને પરીને જોવી તો છે જ; ઘરમાંથી પરવારીને, નિશાળમાંથી ગાબડી મારીને પણ આજે પરીને શોધવી તો ખરી જ.'

આજે લીલા બહુ જ આનંદમાં હતી. મા જયારે તેને ઉઠાડવા આવી ત્યારે લીલાએ તેના ગળાની આસપાસ પોતાના નાનકડા હાથ વીંટાળી દઈને માતા હોઠ ઉપર ગાઢ પ્રેમથી એક ચુંબન કર્યું. લીલા કેવી આંધળી ! તેના પોતાના જ ચુંબનમાં રહેલી, ગુલાબનાં ફૂલની પાંખજી જેવી પાંખોવાળી પરીને તેણે જોઈ જ નહિ !

પછી લીલા પોતાના નાના ભાઈ શિરીષના પારણા આગળ ગઈ; એ તો હજી ઊંઘતો હતો. કોણ જાણે કેમ, જેવી લીલા નીચી વળીને તેના સોનેરી ને વાંકડિયા વાળ ઉપર હાથ ફોરવવા જતી હતી, તે જ ઘડીએ ઊંઘતા બાળકે મીઠું સ્મિત કર્યું ! અને તો પણ મૂર્ખી લીલાએ બાળકના મધુરા ખંડનમાં પરીઓ ન જોઈ !

પરીઓ પણ અકળાઈ ગઈ ! આ છોકરીની આંખો જોવાની શક્તિ આપવી પ્રભુ વીસરી તો ગયા નથી ને!

પછી ન્હાઈ-ધોઈને લીલા પોતાની ભાભી પાસે ગઈ. લીલાનો ભાઈ ઘણા દિવસોથી કાંઈ કામ માટે દૂર દેશ ગયો હતો. ભાભી ધોળું લૂગતું પહેરીને ભારી આગળ બેઠી હતી. અષાઢ મહિનાનાં વાદળ જેવા તેના કેશ છૂટા હતા, ઘણા દિવસોથી તેમાં તેલ નાંખેલું નહોતું. સૌભાગ્યસૂચક ચિહ્નો સિવાય તેના અંગ ઉપર એક પણ આભૂષણ નહોતું. લીલા એ ઓરડામાં દાખલ થઈ ત્યારે તેની ભાભીની નજર બારીની બહાર દેખાતી સીધી સડક ઉપર હતી. લીલાનો પગરવ સાંભળી તેણે પ્રયત્નથી તે નજર ખેંચી લીધી, તેનાથી અજાણતાં એક નિસાસો નંખાઈ ગયો. અરે ! ત્યારે પણ લીલાએ તે નિસાસામાં રહેલી ઘેરા રાખોડી રંગની પરીને ન જોઈ ! દુઃખની, વિયોગની પણ પરીઓ તો હોય જ ને ?

ખેતરોમાં અને આંબાવાડિયામાં ઘણું રખડીને સાંજે લીલા ઘેર ગઈ. તેણે માને કહ્યું, 'મા, મારાથી કેમ પરીઓ દેખાતી નથી ?'

આ સાંભળી પેલી રાખોડી પાંખવાળી પરી સુધ્ધાં બધી પરીઓ હસી પડી. ખરેખર ! આ લીલાની આંખો માત્ર દેખાવમાં જ આટલી સુંદર અને ચંચળ છે, બાકી તો એ બિચારી આંધળી છે. સર્વાનુમતે પરીઓએ એમ નક્કી કર્યું.

Last Seen :

ના જેને ઊગરવું હો, એને કોણ ઉગારે ?
વમળોથી બચાવો, તો ડૂબે જઈ કિનારે !

- અમૃત ઘાયલ

- nehalgadhavi101@gmail.com

આસ્તિક-નાસ્તિકનો રામાયણ-પિતૃતર્પણનો મહિનો: 'કરકીડકમ'

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

કેરળમાં અત્યારે રામાયણનો મહિનો ચાલી રહ્યો છે. સામ્યવાદી – માર્ક્સવાદી, કૉંગ્રેસ અને ભાજપ સહિતના રાજકીય પક્ષો પોતાના પ્રભાવને જાળવવા કે વિસ્તારવા માટે ''અધ્યાત્મ રામાયણ''ના પાઠ અને સ્તવન સહિતના વિવિધ કાર્યક્રમો યોજે છે. મલયાલી કેલેન્ડરમાં છેલ્લો મહિનો કરકીડકમ આવે છે. આ મહિનો પિતૃઓના તર્પણનો મહિનો પણ ગણાય છે. નવાઈ એ વાતની છે કે કેરળમાં માત્ર હિંદુ જ નહીં, મુસ્લિમો પણ રામાયણનું પઠન અને શ્રવણ કરે છે. અત્યારે દેશભરમાં જે પ્રકારનો માહોલ સર્જાયો છે એની અસર કેરળમાં પણ થઈ રહી છે. કોઈ મુસ્લિમ વિદ્વાન પ્રાધ્યાપક રામાયણ પર નિયમિત કટાર લખતા હોય તો એને બંધ કરાવવા માટે હનુમાન સેના ધમકીઓ આપે છે. પ્રતિષ્ઠિત અખબાર તેમજ કટારલેખકને એ કટાર બંધ કરવા માટે વિવશ કરે છે. જોકે ડૉ.એમ.એમ.બશીરની આવી કટાર બંધ કરવાની ફરજ પડયા પછી સંઘ પરિવારના આગેવાનોએ તેમણે મળીને કે ફોન કરીને માફી પણ માગી હતી. સામાન્ય રીતે કેરળમાં માર્ક્સવાદીઓ અને સંઘ પરિવાર વચ્ચે દાયકાઓથી લોહિયાળ સંઘર્ષ ચાલે છે. બંને પક્ષે વેરની વસુલાત એકમેકની હત્યાઓથી કરે છે.બંને બાજુના હત્યારાઓને જનમટીપ કે ડબલ જનમટીપ જેવી સજા થયા પછી પણ આવી હત્યાઓ બંધ નથી થતી.રાજકારણે એમાં સતત તેલ રેડવાનું કામ કર્યું છે.આદિ શંકરાચાર્યની જન્મભૂમિ કાલડી કેરળમાં છે.દેશમાં સૌથી પહેલીવાર ખ્રિસ્તી મિશનરી સેન્ટ થોમસ ઈ.સ. ૫૧માં કેરળમાં આવ્યા હતા. સૌથી પહેલાં ઉચ્ચ વર્ણીય મનાતા પાંચ નામ્બુદિરી બ્રાહ્મણ પરિવારોએ ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો હતો. દેશની સૌથી પહેલી મસ્જિદ પણ અહીં કેરળમાં બંધાઈ હતી. કેરળના મહારાજાએ મહંમદ પયગંબર સાહેબની હયાતીમાં જ ઈસ્લામ કબુલ્યો હતો. એમના આદેશથી બંધાયેલી દેશની પ્રથમ મસ્જિદની પ્રતિકૃતિ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ સાઉદી અરેબિયાના રાજવીને ભેટ આપવામાં ગર્વ અનુભવે છે.

- ધર્મને અફીણ ગણાવનારા માર્ક્સવાદી શાસકો કેરળમાં શાસન કરવાની સાથે જ પ્રજાના તહેવારો મનાવે છે
- ''ક્યારેક રામાયણને બાળનારા'' સીપીએમવાળાઓનો રામાયણ-ઉત્સવ તો બેવડાં ધોરણનો જ નમૂનો: ભાજપ
- હિંદુ મહાસભાના સુપ્રીમો વિ.દા.સાવરકરની જેમ કેરળના નાસ્તિક કમ્યૂનિસ્ટો થકી જ ''ગોડ્સ ઓન કન્ટ્રી'' સૂત્ર
- માર્ક્સ-હેગેલે ચોરેલા વેદાન્તના ભારતીય તત્વજ્ઞાન થકી જ વિચારધારા બક્ષી: સામ્યવાદી નેતા દેશપાંડે- ડાંગે

સર્વધર્મીઓને મલયાલમ સંસ્કૃતપ્રચુર

દેશમાં સૌથી વધુ શિક્ષિત (૯૪%) એવા ૩.૩૪ કરોડની કુલ વસ્તીમાં ૫૪.૭૩% હિંદુ, ૨૬.૫૬% મુસ્લિમ અને ૧૮.૩૮% ખ્રિસ્તી વસ્તી ધરાવતા બટુક રાજ્ય કેરળમાં અત્યારે મલયાલી કેલેન્ડરનો છેલ્લો મહિનો એટલે ''કરકીડકમ'' અર્થાત રામાયણનો મહિનો ચાલી રહ્યો છે. માન્યતા એવી છે કે વાલ્મીકિએ આ મહિનામાં રામાયણનું લેખન પૂરું કર્યું એટલે કેરળમાં ૧૭ જુલાઈથી ૧૬ ઓગસ્ટ દરમિયાન ઘરઘરમાં કે જાહેર સમારંભોમાં રામાયણના મહિમાના પાઠ (કીર્તનમ) થાય છે. આપણી ગુજરાતી ભાષામાં ૬૦થી ૭૦ % શબ્દો અરબી-ફારસીના છે. એનાથી વિપરીત કેરળની રાજભાષા મલયાલમ ભરપટ્ટે (૬૦% કરતાં વધુ) સંસ્કૃત શબ્દો ધરાવે છે. પશ્ચિમ ઘાટ અને અરબી સમુદ્ર વચ્ચે આવેલા મલા+આલમ એટલે કે પહાડી અને સમુંદરના સ્થળ વિશે દેશ અને દુનિયા ગૌરવ લઈ શકે છે. સામાન્ય રીતે કોમી સૌહાર્દ માટે જાણીતી શંકરાચાર્યની આ ભોમકા પરાપૂર્વથી ગ્રીક, રોમન, આરબ, ચીના, પોર્ટુગીઝ, ડચ, ફ્રેંચ, બ્રિટિશ સાથે વેપાર અને સાંસ્કૃતિક સંબંધોથી જોડાયેલી રહી હોવાથી ''આનો ભદ્રા કતવો યન્તુ વિશ્વતઃ''(દશેય અથવા દરેક દિશાઓમાંથી અમને સારા વિચારો પ્રાપ્ત થાઓ)નો લાભ એને મળ્યો છે. અત્યારે રાજકીય દ્રષ્ટિએ આ બટુક રાજ્યમાં રામાયણને લઈને રમખાણ મચ્યું છે : ધર્મને અફીણ ગણાવનારા માર્ક્સવાદીઓ કેરળમાં શાસન કરવાની સાથે જ પ્રજાના તહેવારો મનાવે અને રામાયણના કીર્તન કાર્યક્રમો કે પરિસંવાદો યોજે ત્યારે એને હિંદુ ધર્મની પોતાની ઈજારાશાહી લેખાતા અને દાયકાઓથી અહીંની રાજકીય ભૂમિ પર પગદંડો જમાવવામાં નિષ્ફળ નીવડેલાઓ ''બેવડાં ધોરણ''ની ગાજવીજ કરે છે.

સત્તારૂઢ સીપીએમ અને સંસ્કૃત સંઘમ

કેરળ વિધાનસભામાં પહેલીવાર ચૂંટાઈ આવનાર માર્કસવાદી સામ્યવાદી પક્ષ (સીપીઆઈ-એમ)ની યુવા ધારાસભ્ય યુ. પ્રતિભા હરિનો નીલવિલક્કુ (પરંપરાગત દીપ) સામે બેસીને ''અધ્યાત્મ રામાયણ''ના પાઠનું કીર્તન કરતો વીડિયો ૧૮ જુલાઈ ૨૦૧૮ના રોજ ફેસબુક પર મૂકાયો અને અનેકોએ એને શેર કર્યો કે ધમાલ મચી. હજુ થોડા દિવસ પહેલાં જ કેરળના દેવસ્થાનમ્ બાબતોના મંત્રી કડકમ્પલ્લી સુરેન્દ્રને પ્રસિદ્ધ ગુરુવાયુર (કૃષ્ણ) મંદિરમાં પૂજા કરાવી એ વિશે પક્ષ તરફથી એમનો ખુલાસો માંગવામાં આવ્યા હતો. પક્ષ સાથે સંકળાયેલા સંસ્કૃત સંઘમના ઉપક્રમે રાજ્યભરમાં રામાયણ પરના કાર્યક્રમો યોજાય અને સીપીએમની યુવા ધારાસભ્ય રામાયણનો પાઠ કરે તો વિવાદ જાગવો સ્વાભાવિક છે. જોકે રાજ્યના સીપીએમના મંત્રી કોડિયારી બાલકૃષ્ણને સ્પષ્ટ કર્યું કે સંસ્કૃત સંઘમ સ્વ